


**વ્યારા જૂના સુરત-ધુલિયા હાઈવે ટચ સરકારી અને ગોચર જમીન પર ભૂમાફિયાઓનો કબજો, મિશનનાકાથી પનિયારી સુધી, ઉનાઈ નાકાથી વિરપુર ફાટક સુધીના રોડ માર્જિનમાં દુકાનો-બહુમાળી ઇમારતો તાણી દેવાઈ**

# મુખ્યમંત્રી માટે 'બધું ઢાંક્યું' ત્યાં 'ફરી દબાણ'!




**મિશનનાકા નજીક ધોરી માર્ગ થઈ પસાર થતી ઉકાઈની કેનાલની સંપાદન થયેલા માર્જિનમાં સરિતાનગર અને આર્જવ સોસાયટીના દબાણધારકોનો કબજો**

વ્યારા: તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારાના જૂના સુરત-ધુલિયા હાઈવે ઉપર કોમર્શિયલ બાંધકામોનો રાફડો ફાટી નીકળ્યો છે. સ્ટેટ માર્ગ-મકાન વિભાગ દ્વારા વારંવાર નોટિસો અપાય છે પણ નક્કર કાર્યવાહી થતી નથી. જેના કારણે મુખ્યમંત્રીના આગમન વેળા રોડ નવીનીકરણની કામગીરીમાં પહોળો કરાયેલો રોડ સાંકળો થઈ જતાં વાહનચાલકો માટે અનેક જગ્યાએ ટ્રાફિક સમસ્યા માથાનો દુખાવો બની છે.

આશ્ચર્યની વાત એ છે કે, આ રોડ પર સ્ટેટ માર્ગ-મકાન વિભાગે ૧૫૦થી વધુને કોમર્શિયલ દબાણ અંગેની નોટિસ આપી છે. આ નોટિસો આપ્યાને છ મહિના કરતાંય વધુ સમય થઈ ગયો પણ હજુ સુધી એકેય દબાણ સામે હથોડો ઝીંકવાની ફૂરસદ મળી નથી. કહેવાય છે કે, આ ધોરી માર્ગ પર ખાનગી દબાણધારકો કે બિલ્ડરોના બિન અધિકૃત દબાણો, લારી-ગલ્લાઓ સામે આંખ લાલ કરવાને બદલે કોર્ટના આદેશને આગળ ધરી ધાર્મિક દબાણો સામે કાર્યવાહી કરવા તલ્લીન દેખાયા છે. ત્યારે દબાણ દૂર કરવા મામલે તટસ્થ કાર્યવાહી કરવાને બદલે એકમાત્ર લોકોની ધાર્મિક લાગણી સાથે જ ખીલવાડ કરવાની કૂટનીતિ સામે અહીં લોક આક્રોશ ભભૂકી ઊઠ્યો છે.

વ્યારા મિશનનાકાથી પનિયારી સુધી અને ઉનાઈ નાકાથી વિરપુર ફાટક સુધીના રોડ માર્જિનમાં દુકાનો-બહુમાળી ઈમારતો તાણી દેવાઈ છે. મિશનનાકા નજીક ધોરી માર્ગ થઈ પસાર થતી ઉકાઈની કેનાલની સંપાદન થયેલી માર્જિનની સરિતાનગર અને આર્જવ સોસાયટીના કેટલાક દબાણધારકો મકાનો તાણી કબજો કરી બેઠા છે. ધોરી માર્ગને અડીને આ કેનાલની બંને તરફ દબાણ અને બિન અધિકૃત રસ્તો પણ બનાવી દેવાયો છે, જેની વહીવટી તંત્રએ કોઈ ગંભીરતા લીધી નથી.

## દબાણ દૂર કરવા અનેક નોટિસ આપવામાં આવી

વ્યારા: તાપી જિલ્લાનું મુખ્ય મથક વ્યારા હોય, હાઇવેની જમીનના ભાવો વધી જતાં સરકારી જમીન ઉપર ઠેર ઠેર દબાણો કરી ભૂમાફિયાઓ યેનકેન પ્રકારે જમીન પર કબજો કરી બેઠા છે. સરકારી તંત્ર દ્વારા દબાણકર્તાને દબાણ સ્વૈચ્છિક રીતે દૂર કરવા અનેક નોટિસ આપવામાં આવી છે, છતાં આ નોટિસને નજરઅંદાજ કરી રહ્યા છે.

## વ્યારાનું હાઈવે પરનું ગોચર પણ ભૂમાફિયાઓએ પચાવી પાડ્યું

વ્યારા: વ્યારામાં જૂના સુરત-ધુલિયા હાઇવેને અડીને તાડકૂવા ગામને અડીને કરોડોની અંકાતી ગોચરની જમીન પણ ભૂમાફિયાઓએ પચાવી પાડી છે. આ રોડને અડીને અન્ય કેટલીક ગોચર અને સરકારી જગ્યા ભૂમાફિયાઓ પચાવીને બેઠા છે. પાકાં મકાનો પણ તાણી દીધાં છતાં ગોચર-સરકારી જમીન ખુલ્લી કરાવવા વહીવટી તંત્ર અહીં સરવે જેવી કોઇ કામગીરી કરતું દેખાયું નથી.


## માર્ગ-મકાન વિભાગના ડીઈએ ફોન રિસિવ ન કર્યો

વ્યારા સ્ટેટ ધોરી માર્ગના માર્ગ-મકાન વિભાગના ડીઈ નિલેશ પટેલને ફોન કરી આ વિશે માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેમણે ફોન રિસિવ કર્યો

વ્યારા જિલ્લા સેવા સદનના રેસિડેન્સિયલ ગેટ સામે એટલે કે, વ્યારા પુરવઠા વિભાગની કચેરી સામેનાં બિન નડતરરૂપ દબાણો થોડાક સમય પહેલાં દૂર કરવામાં આવ્યાં હતાં. પરંતુ આજ કચેરીએ વ્યારામાં ૧૫૦થી વધુ નોટિસો આપી તે દબાણો હજુ સુધી દૂર કરવામાં આવ્યાં નથી. મિશનનાકા નજીક વર્ષોથી ધોરી માર્ગને નડતરરૂપ ડ્રોમ અને તેની આસપાસ તેમજ સામે કાચાં- પાકાં દબાણો માર્ગ-મકાન વિભાગના અધિકારીઓને દેખાતાં નથી. સરકારે દબાણધારકો સામે લેન્ડ ગ્રેબિંગ જેવા કડક કાયદા બનાવ્યા છે પણ તેનો અમલ અધિકારીઓની મુનસફી પ્રમાણે થતો હોવાથી દબાણધારકો પર બુલડોઝર ફેરવવાની કાર્યવાહી માત્ર નોટિસ પૂરતી સીમિત બની રહી ગઈ છે.

## હીરાની મંદીએ વધુ એકનો ભોગ લીધો, શેખપુરમાં આર્થિક સંકડામણમાં રત્નકલાકારનો આપઘાત

કામરેજ: હીરા ઉદ્યોગમાં આવેલી મંદીએ અનેક રત્નકલાકારોને બેરોજગાર તો કેટલાય રત્નકલાકારોએ આપઘાત કરી લીધા છે. હીરા ઉદ્યોગમાં મંદીએ કામરેજના રત્નકલાકારનો ભોગ લીધો હતો. ઘરના હપ્તા ભરવા મુશ્કેલ થતાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરીને અંતિમ પગલું ભર્યું હતું. મૂળ અમરેલી જિલ્લાના ખાંભાના સતરાવા ગામના વતની અને હાલ કામરેજના શેખપુર ગામે આવેલી હરિદર્શન સોસાયટીમાં મકાન નં.બી-44 માં રહેતા મનસુખ ખોડાભાઈ સૌંદરવા (ઉં.વ.40) રત્નકલાકાર તરીકે કામ કરતા હતા. પરંતુ છેલ્લા કેટલાક સમયથી હીરા ઉદ્યોગમાં મંદી આવી ગઈ હોવાથી સતત તણાવમાં રહેતા હતા. મકાનના લોનના હપ્તા પણ ભરવામાં મુશ્કેલી પડતી હતી. મંગળવારના રોજ સવારે મનસુખભાઈએ રસોડાના રૂમમાં આવેલા પંખાની હુક સાથે સાડીનો છેડા વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.મરનાર મનસુખભાઈને બે સંતાન છે. તેમના મોતથી પરિવારમાં શોકની કાલિમા છવાઈ જવા પામી છે. આ અંગે કામરેજ પોલીસને જાણ થતાં અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



# ભુવાસણમાં NRIના બે બંધ મકાનમાં ચોરીનો પ્રયાસ

**કિંમતી સામાન ન મળતાં ચોરો ખાલી હાથે પરત, રાત્રિ પોલીસ પેટ્રોલિંગ વધારવા માંગ**

બારડોલી: બારડોલીના સરભોણ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસથી ચોરોએ આતંક મચાવ્યો છે. સોમવારે રાત્રે ભુવાસણમાં ચોરોએ બે બંધ મકાનને નિશાન બનાવ્યા હતા. બંને મકાન માલિક વિદેશમાં રહેતા હોય કોઈ કિંમતી વસ્તુ ન હોવાથી ચોરોએ ખાલી હાથે પરત ફરવું પડ્યું હતું. વધી રહેલી ચોરીની ઘટનાને કારણે લોકોએ પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ કરી છે.

ભુવાસણ ગામમાં રાત્રીના અઢી વાગ્યાની આસપાસ પટેલ ફળિયામાં આવેલા દીપાબેન શૈલેષભાઇ પટેલ અને ભરતભાઇ મગનભાઈ પટેલના મકાનને નિશાન બનાવ્યા હતા. બંને પરિવારો વિદેશમાં સ્થાયી થયા હોય, તેમના મકાનો બંધ હતા. ચોરોએ ઘરના કબાટ ફંફોસી હાથફેરો કરવાની કોશિશ કરી હતી. જો કે ઘરમાં કોઈ કિંમતી સામાન ન હોવાથી ખાલી હાથે પરત ફરવું પડ્યું હતું. ચોરોની હરકત ફળિયામાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. આ અંગે મોડી સાંજ સુધી કોઈ ફરિયાદ નોંધાઈ નથી. બીજી તરફ નજીકના બાબલા ગામમાં પણ સતત બે રાત સુધી તસ્કરોએ આંટાફેરા માર્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

## કડોદરા GIDCમાંથી એક સાથે પાંચ ટ્રકમાંથી 10 બેટરીની ચોરી

પલસાણા : કડોદરા GIDC પોલીસ મથકની હદમાં નિયોલ ટ્રાન્સપોર્ટના કંમ્પાઉન્ડ સ્થિત રીટકો લોજિસ્ટિક લિમિટેડ કંપનીના પાર્કિંગમાંથી અજાણ્યા તસ્કરોએ પાંચ ટ્રકોમાંથી કુલ 10 બેટરીઓ ચોરી કરી ગયા હોવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં પોલીસે કુલ રૂપિયા 50 હજારની ચોરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ચોરીની ઘટના તારીખ 28 ફેબ્રુઆરી 2025ના રોજ બપોરે 12 વાગ્યાથી તા. 29 માર્ચ 2025ના રોજ સવારે 11 વાગ્યાની વચ્ચે કોઈ પણ સમયે બની હોવાનું અનુમાન છે. આ અંગે કંપનીના કર્મચારી હોશિયારસિંગ હુકમીચંદ શર્માએ કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે તેમની ફરિયાદમાં જણાવ્યું છે કે, કોઈ અજાણ્યો ચોર ઈસમ તેમની કંપનીના પાર્કિંગમાં મુકેલી પાંચ ટ્રકોમાંથી કુલ 10 બેટરીઓ જેની કિંમત અંદાજે રૂ.50 હજાર છે તે ચોરી કરી નાસી ગયો છે. પોલીસે ઘટના સ્થળની મુલાકાત લઈ તપાસ હાથ ધરી છે.

# માંડવી નગરપાલિકા દ્વારા કુલ રૂ.1 કરોડ 62 લાખ વેરા વસૂલાત

**જ્યારે પાછલી બાકી વસૂલાત 48.67% કરતાં કુલ વસૂલાત 79.62% કરાઈ**



માંડવી : માંડવી નગરપાલિકા દ્વારા 2024-25ના વેરા વસુલાત ,વ્યવસાય વેરા અને ભાડા વસૂલાતની કામગીરી ડીસેમ્બર 2024 માસથી શરૂ કરવામાં આવેલ હતી. જેથી માંડવી નગરપાલિકાના દરેક વોર્ડમાં માટે કર્મચારીઓની ટીમ બનાવી ડોર ટુ ડોર વેરા વસૂલાત અને માંડવી નગરપાલિકા સંચાલિત તમામ શોપિંગ સેન્ટર અને કેબિનના ભાડા વસૂલાત કામગીરી કરવામાં આવી હતી. ત્યારે માંડવી નગરપાલિકાએ વેરા વસુલાત 2024-25 વર્ષમાં ચાલુ વસૂલાત 86.78% તથા બાકી (પાછલી) વસૂલાત 48.67% કરતાં કુલ વસૂલાત 79.62% માં રૂ.47,18,646/- ની વસૂલાત કરવામાં આવી હતી. ઉપરાંત નગરપાલિકા એ સતત બે વર્ષથી અંદાજીત 85 થી 90 % ની વેરાની વસૂલાત લેવામાં આવી છે. વ્યવસાય વેરાની કુલ આવક રૂ.28,63,515 ની વસૂલાત કરવામાં આવી છે. જ્યારે સંચાલિત તમામ શોપિંગ સેન્ટર અને કેબિનના ભાડા વસૂલાતમાં 2024-25 માં કુલ રૂા.60,32,033/- ની ભાડાની વસૂલાતની કામગીરી કરી હતી. જે ભાડા વસૂલાત કામગીરી દરમિયાન પાંચ દુકાનધારકો વેરો ન ભરતા દુકાનને સીલ કરવામાં આવી હતી. આ વેરા વસૂલાત કામગીરી બાબતે પાલિકાના ચીફ ઓફીસર પૂર્વીબેન આર.પટેલ એ સૌના મળેલા સહયોગ તથા સહકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વ્યારામાં ધાર્મિક દબાણોને નિયમબધ્ધ કરવા જિલ્લા કલેક્ટરને આવેદન અપાયું



વ્યારા: વ્યારાના ધાર્મિક દબાણોને નિયમબધ્ધ કરવા ધારાસભ્ય મોહનભાઈ કોંકણી અને જિલ્લા ભાજપ પ્રમુખ સુરજભાઈ વસાવાના અધ્યક્ષ સ્થાને જિલ્લા કલેકટરને આવેદન અપાયું હતું. વ્યારા નગરમાં આવેલા ધાર્મિક સ્થળો નિયમબધ્ધ કરવાની આગાઉ અપાયેલી અરજીઓ બાબતે સત્વરે કાર્યવાહી કરવા અંગેની રજૂઆત કરાઈ હતી. આ પ્રસંગે જિલ્લા મહામંત્રી રાકેશભાઈ કાચવાલા, પાલિકા કારોબારી અધ્યક્ષ દિલિપભાઈ ગામીત, કોર્પોરેટર કુલિનભાઈ પ્રધાન સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટના આદેશથી સરકારી જગ્યાઓ પર ધાર્મિક સ્થાનો દ્વારા દબાણ કરાયું હોય, તેવા સ્થાનોને દૂર કરવા માર્ગ-મકાન વિભાગ સહિતની કચેરીઓ દ્વારા અગાઉ વ્યારામાં નોટિસો અપાઈ હતી.

## સોનગઢમાં ફોટા વાયરલ કરી લગ્ન તોડાવવાની ધમકી આપનાર યુવક વિરૂધ્ધ ફરિયાદ

વ્યારા: સોનગઢના દેવજીપુરા વિસ્તારમાં ૨૭ વર્ષીય યુવતીનાં પ્રેમ સંબંધનાં ફોટા વાઈરલ કરી તેના લગ્ન તોડાવવાની ધમકી આપનાર યુવક વિરુધ્ધ ગુનો નોંધાયો છે. તા.૨૫મી માર્ચે યુવતીને સોનગઢ ગૌશાળા પાસે સર્વોદય નગરના ફિલિપ અગરિયા ગામીતે રોકી ઝપાઝપી કરતાં તેણીનાં ચશ્મા તૂટી ગયા હતા. યુવકે જણાવ્યુ કે 'તું મારી સાથે કેમ સંબંધ રાખતી નથી. વર્ષ ૨૦૧૯ સુધી આપણી વચ્ચે પ્રેમસંબંધ હતો. મારા લગ્ન વર્ષ ૨૦૨૨માં થઈ ગયા, પરંતુ મારી પત્નીને આપણા પ્રેમ સંબંધની ખબર પડી ગયા પછી ઝઘડો કરીને નીકળી ગયા પછી આજદિન સુધી પરત આવી નથી કહી યુવતીનો હાથ પકડી છેડતી કરવા લાગ્યો હતો.

# ક્રેડિટ કાર્ડ પર લિમિટ વધારી આપવાની લાલચે અનાવલના દુકાનદારે 1.40 લાખ ગુમાવ્યા

**સાઈબર ક્રાઈમમાં જણાવ્યા પછી પણ પાંચ મહિના સુધી પૈસા પાછા ન આવતા મહુવા પોલીસમાં ફરિયાદ નોંધાવી**

અનાવલ: મહુવાના અનાવલ ગામે આવેલા શુકલેશ્વર રેસિડન્સીમાં રહેતા મુકેશ ચુનીલાલ સિરવી પોતે પ્રોવિઝન સ્ટોર ધરાવે છે. ગઈ તા.૦૯/૧૧/૨૦૨૪ ના રોજ મોબાઈલ નં. ૯૫૭૨૦-૫૧૪૧૯ ઉપરથી અજાણી મહિલાનો ફોન કરી એચડીએફસી બેંકમાં હોવાનું જણાવી ક્રેડિટકાર્ડ ઉપર લિમિટ વધારી આપવા સાથે કાર્ડના ફાયદા જણાવ્યું હતું. વીડિયો કે.વાય.સી પ્રક્રિયા પુરી કર્યા બાદ થોડીવાર પછી અજાણી મહિલાનો ફોન આવતા દુકાનદારના અન્ય એક્સિસ બેંકના ક્રેડિટ કાર્ડના છેલ્લા ચાર આંકડા માંગ્યા હતા. તેને ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવા સાથે કાર્ડનો ઉપયોગ કરી રૂ.૪૫,૦૦૦ રોકડા ઉપાડવા પણ મળશે, તેમ જણાવી એક્સિસ બેંકની એપ્લિકેશનમાં કન્ટ્રોલ સેન્ટરમાં લોગઈન કરવા જણાવ્યું હતું. જે બાદ આવેલા બે ઓટીપી નંબર મેળવી લીધા હતા. થોડા સમય પછી તેમના મોબાઈલમાં પહેલાં રૂ.૪૫,૦૦૦ અને બીજી વાર રૂ.૯૫,૦૦૦ ઉપડી ગયા હોવાનો મેસેજ આવ્યો હતો. દુકાનદાર મુકેશ સિરવીએ કસ્ટમર કેરમાં ફરિયાદ કરતાં સામે છેડેથી ટ્રાન્જેક્શન પ્રોસેસમાં છે એટલે કેન્સલ કરી ન શકાય મુજબનો જવાબ મળ્યો હતો. પોતે છેતરાયા હોવાની જાણ થતાં સાઈબર ક્રાઈમ પોલીસમાં હકીકત જણાવી ફરિયાદ નંબર મેળવ્યો હતો. આ સમયે તેમને ટ્રાન્જેક્શન હોલ્ડ કરાયું હોવાનું જણાવાયું હતું. ત્યારબાદ સતત પાંચ મહિના સુધી તેના પૈસા પાછા ન આવતા તેણે મહુવા પોલીસમથકે સંપૂર્ણ ફરિયાદ કરી હતી.

# આંબોલીમાંથી દસ જુગારી 2.50 લાખના મુદામાલ સાથે ઝડપાયા


વિશાલ પટેલ

કામરેજ: કામરેજના આંબોલી ગામે સહકાર ટાઉનશીપ વિગ એ-1 માં આવેલા ફ્લેટ નં.404 માં રહેતો સાહિલ અમીન સૈયદ પોતાના ફ્લેટમાં જુગાર રમાડતો હોવાની બાતમી કામરેજ પી.આઈ અમિતસિંહ ચાવડાને મળતાં રેડ કરી હતી. પોલીસે મૂળ અમરેલીના ઈકબાલ રમજુભાઈ જેઠવા (ઉં.વ.29, રહે., 202 વિષ્ણુ વિહાર લાભેશ્વરવાળી શેરી, બરોડા પ્રીસ્ટેજ, સુરત), અસ્ફાક યુસુફ મન્સુરી (ઉં.વ.22, રહે. 403, પ્રાઈમ પેલેસ, આંબોલી), મહમદ સાકીર ઉસ્માનગની મન્સુરી (ઉં.વ.28, રહે., 404, પાકીઝા રેસીડન્સી, આંબોલી), આસીફ ઈસ્માઈલ બમાણી (ઉં.વ.27 રહે., 404, અસમલ કોમ્પ્લેક્ષ, આંબોલી), મુસ્તાક ફારૂક સરતાન (ઉં.વ.23 રહે., 101, એવન એપાર્ટમેન્ટ, આંબોલી), સબ્બીર સતાર મન્સુરી (ઉં.વ.25, રહે., 301, કિંગ પેલેસ, આંબોલી), ભરતસિંહ મેઘા ઝાલા (ઉં.વ.30, રહે., 331, જગદીશનગર સોસાયટી, મોટા વરાછા) અને મૂળ ગીરસોમનાથના ગઅનવર ઈષાભાઈ મન્સુરી (ઉં.વ.20, 302, સફા રેસિડન્સી, આંબોલી), ઈકબાલ ઝુસબ મન્સુરી (ઉં.વ.35, રહે., આંબોલી), અસ્લમ ઓસ્માન મન્સુરી (ઉં.વ.27, રહે., મદની રેસિ ડન્સી,કઠોર) ઝડપી પાડી દાવ પરના રોકડા રૂ.52,260, અંગઝડતી કરતાં રોકડા રૂ.50,000, મોબાઈલ ફોન નંગ 9 કિંમત રૂ.1,48,000 મળી કુલ રૂ.2,50,260નો મુદામાલ ઝડપી પાડી જુગાર રમાડનાર સાહીલને વોન્ટેડ જાહેર કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજપીપળા એસટી ડેપો પર મધરાતે નિ:સહાય મહિલાની મદદે અભયમની ટીમ પહોંચી

રાજપીપળા: એક મહિલા બે માસના બાળકને લઈને રાત્રી દરમિયાન બસ ડેપોમાં ઈજાગ્રસ્ત હાલતમાં હોવાનો કોલ મળતાં 181 અભયમ ટીમ દોડી આવી હતી. નર્મદા 181 અભયમ્ ટીમ જણાવેલ સરનામા ઉપર પહોંચી થઈ પાર્ટી તેમજ મહિલા સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું કે, મહિલા અન્ય જિલ્લાના હોય, તેમના પતિ તેમજ સાસરી પક્ષ દ્વારા હેરાનગતિ હોય, માર મારેલ હોય તો પગમાં ઈજા પહોંચેલી હતી. મહિલાને પિયર મહારાષ્ટ્રમાં જવાનું હતું પરંતુ રાત્રે મહારાષ્ટ્રની કોઈ બસ ના હોય અને તેમની પાસે ભાડું પણ ના હોય તેમજ રાત્રિ દરમિયાન એકલા મહિલા બાળક સાથે બસ ડેપોમાં ના રહી શકે, તેથી 181 ટીમે મહિલાને આશ્રય માટે સખી વન સ્ટોપ સેન્ટરમાં મુકવામાં આવી હતી. આમ 181 અભયમ્ નર્મદા ટીમ દ્વારા નિ:સહાય મહિલાને તેમના બાળક સાથે સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય આપ્યો હતો.


Milano MULTIPLEX

બારડોલી

Sikandar

10:00am, 11:00am, 12:00pm, 01:15pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 09:30pm, 10:00pm

Empuraan (Lucifer-2) - Hindi 05:00pm

All The Best Pandya - Gujarati : 02:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333


## સંક્ષિપ્ત સમાચાર

### સિનિયર સિટિઝન ક્લબ બારડોલી દ્વારા છાશ વિતરણ શરૂ કરાયું



બારડોલી: સિનિયર સિટિઝન ક્લબ બારડોલી દ્વારા ઉનાળાના તાપમાં આબાલ વૃદ્ધો અને બાળકોને ગરમીથી રાહત મળે અને ડીહાઈડ્રેશનથી બચાવવા છેલ્લા 15 વર્ષથી છાસ વિતરણ કેન્દ્ર ચલાવવામાં આવે છે. મંગળવારથી સિનિયર સિટિઝન ક્લબ દ્વારા સરદાર પટેલ ટાઉન હજુમાં સીતારામ મંદિર પ્રાંગણમાં છાશ વિતરણ શરૂ કરવામાં આવ્યું હતું. આ કેન્દ્ર 31મી મે સુધી દરરોજ સવારે 10 થી બપોરે 1 વાગ્યા સુધી ચાલશે. એપ્રિલ માસની તારીખ 14 થી 16 દરમિયાન શરીરના તમામ પ્રકારના થતાં દુ:ખાવામાં રાહત મળે તેવા ટેરા હાર્ટઝ થેરાપીનું આયોજન કરવામાં આવ્યું છે.

### દહેજ સુવા ચોકડી પાસેથી દારૂના જથ્થા સાથે એક ઝડપાયો

ભરૂચ: દહેજ પોલીસે સુવા ચોકડી પાસે દુકાનમાં દારૂ વેચનાર સામંતપોરનો જતીન સુરેશભાઈ દેસાઈ ઝડપી પાડ્યો હતો. દારૂની કુલ 58 બોટલો મળીને રૂ.12190/-નો મુદ્દામાલ વેચાણ કરવા લાવ્યો હોવાનું આરોપીએ જણાવ્યું હતું. અને વેચાણ કરવાના પ્રકરણમાં સામંતપોર જયદેવ ગોહિલ હોવાની કબૂલાત કરતાં પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો હતો.

### નેત્રંગના ચંદ્રવાણ ગામે પોલીસ જોઈ જુગારીઓ ભાગ્યા, એક ઝડપાયો, ચાર ફરાર

નેત્રંગ: ચંદ્રવાણ ગામના તાડકંપની ફળિયામા મુકેશ ભકિત વસાવાના ઘર આગળ આવેલી ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારધામ પર પોલીસે રેડ પાડતા જુગારીઓમાં ભાગદોડ મચી જવા પામી હતી. જેમાં પોલીસે નરેશ જશવંત વસાવા (ઉં.વ.33)ને ઝડપી પાડી રોકડા રૂ.2,210 કબજે કર્યા હતા જ્યારે ભાગી છૂટેલા મનિષ નારણ વસાવા, મુકેશ ભકિત વસાવા, કલ્પેશ સુખદેવ વસાવા, રાજુ વસાવાને વોન્ટેડ જાહેર કરી નેત્રંગ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### આઠ વર્ષના બાળકોએ ત્રીસ દિવસ રોઝા રાખી વિશ્વશાંતિની દુઆ કરી



બારડોલી: મુસ્લિમ બિરાદરોએ રમઝાન મહિના દરમિયાન રોઝા રાખી ખુદાની બંદગી કરી હતી. બારડોલીના ચાણક્યપૂરી સોસાયટીમાં રહેતા આઠ વર્ષના અરમાન અર્શદ તાજાણીએ સતત ત્રીજા વર્ષે 30 દિવસ સુધી રોજા કર્યા હતા. જ્યારે બાબેન ગામે કરીમ શાનન ચાલમાં રહેતા અબ્દુલ્લા શાહની આઠ વર્ષની દીકરીએ આમેના બાનું અબ્દુલ્લા શાહે પણ રોઝા રાખી તપસ્યા કરી દેશમાં કોમી એકતા, અખંડિતતા અને શાંતિ સલામતીની દુઆ કરી હતી.

### બારડોલી સરદાર મ્યુઝિયમના ક્યુરેટરનો વિદાય સમારોહ યોજાયો



બારડોલી: ગુજરાત પુરાતત્ત્વ અને સંગ્રહાલય ખાતા દ્વારા સંચાલિત બારડોલી ખાતે આવેલા સરદાર પટેલ રાષ્ટ્રીય સંગ્રહાલયમાં મ્યુઝિયમ ક્યુરેટર તરીકે ફરજ બજાવતા રતનજીભાઈ આર. પટેલ વયમર્યાદાને કારણે નિવૃત્ત થતાં હોય તેમનો નિવૃત્તિ વિદાય સમારંભ મ્યુઝિયમના પટાંગણમાં યોજાયો હતો. આ પ્રસંગે સ્વરાજ આશ્રમના માનદ મંત્રી નિરંજનાબેન કલાર્થી, પ્રમુખ ભિખાભાઈ પટેલે તેમની નિષ્ઠાપૂર્વક બજાવેલી ફરજની સરાહના કરી હતી. રતનજી પટેલ 1/7/1990માં પુરાતત્ત્વ અને સંગ્રહાલય ખાતામાં ગાઈડ લેક્ચરર તરીકે જોડાયા હતા. તેમણે 34 વર્ષ અને 9 માસ સુધી તેમની ફરજ નિભાવી હતી. તેઓ બારડોલી ઉપરાંત ધરમપુર અને સાપુતારા મ્યુઝિયમના નવીનીકરણ દરમ્યાન મહત્વની ભૂમિકા નિભાવી હતી.

### હેલ્મેટ વિના નીકળેલ વાહનચાલકો દંડાયા



ભરૂચ, અંકલેશ્વર: રાજ્યભરમાં વાહનચાલકો માટે ફરજિયાત હેલ્મેટ પહેરવાના કાયદા માટે અંતિમ અલ્ટીમેટમ તા.૩૧ માર્ચ સુધી આપવામાં આવ્યું હતું, જે મુદત પુરી થતાં અંકલેશ્વર પોલીસે આજે હેલ્મેટના ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા આજરોજ સમગ્ર જિલ્લામાં સ્પેશિયલ હેલ્મેટ ડ્રાઇવ શરૂ કરવામાં આવી હતી, જે અંતર્ગત અંકલેશ્વરમાં પણ પોલીસ દ્વારા આ ડ્રાઇવ હાથ ધરવામાં આવી હતી. અંકલેશ્વરના મહાવીર ટર્નિંગ, પ્રતિન ચોકડી, વાલીયા ચોકડી તેમજ શહેરી વિસ્તારોમાં ભરૂચીનાકા ચૌટાનાકા અને ત્રણ રસ્તા સર્કલ સહિતના વિસ્તારોમાં પોલીસની વિવિધ ટીમોએ ચેકિંગ હાથ ધર્યું હતું. ભરૂચના ઝાડેશ્વર ચોકડી નજીક જિલ્લા ટ્રાફિક પોલીસ ટી ચેકિંગ કર્યું હતું. મંગળવારથી હેલ્મેટ ફરજિયાત કરવામાં આવ્યું છે, જેના કારણે દરેક લોકોને હેલ્મેટ પહેરવા માટે પોલીસે અનુરોધ કર્યો હતો.

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૮/૨૦૨૫
તા.૨૧/૦૩/૨૦૨૫

વાદી :- ભીખાભાઇ મગનભાઇ પટેલ, રહે.નૌગામા, સડક ફળિયું, તા.માંડવી, જી.સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી નૌગામા ગ્રા.પં., તા.માંડવી, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ભીખાભાઇ મગનભાઇ પટેલ, રહે. નૌગામા, સડક ફળિયું, તા.માંડવી, જી.સુરતએ તેઓના માતા સુકીબેન મગનભાઇ પટેલનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: સુકીબેન મગનભાઇ પટેલ ૨. મરણ તારીખ: ૧૦/૦૮/૧૯૮૭ ૩. મરણનું સ્થળ: મોજે.નૌગામા, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે સુકીબેન મગનભાઇ પટેલના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૧/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી,જિ.સુરત

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૭/૨૦૨૫
તા.૨૧/૦૩/૨૦૨૫

વાદી :- ભીખાભાઇ મગનભાઇ પટેલ, રહે.નૌગામા, સડક ફળિયું, તા.માંડવી, જી.સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી નૌગામા ગ્રા.પં., તા.માંડવી, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ભીખાભાઇ મગનભાઇ પટેલ, રહે. નૌગામા, સડક ફળિયું, તા.માંડવી, જી.સુરતએ તેઓના દાદી નાનીબેન દુર્લભભાઇ પટેલનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: નાનીબેન દુર્લભભાઇ પટેલ ૨. મરણ તારીખ: ૦૫/૦૬/૧૯૮૩ ૩. મરણનું સ્થળ: મોજે.નૌગામા, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે નાનીબેન દુર્લભભાઇ પટેલના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૧/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી,જિ.સુરત